જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા..૧૩/૧૦/૨૦૧૫ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૦૬૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી અને ૨૪ વ્યક્તિઓને ઝડપી ૪૧૦ લીટર દેશી દારૂ, ૪૩ બોટલ ઇગ્લીશ દારૂ, ૧ કાર, ૧ઓટોરિક્ષા, ૧ સ્કૂટર અને ૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા મુજબ ૧ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૧૮૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૬૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૦૭૦/૧૫**

**ખોખરાઃ** રોબીન માથીયાસ ક્રિચ્યન (રહે.વિશ્વાસપાર્ક સોસાયટી હાટકેશ્વર ડેપો પાછળ ખોખરા) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૦/૧૫ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર રીધમ (ઉ.વ.૧૪) નું કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી એમ ચૌહાણ ચલાવે છે.

**સેટેલાઈટઃ** દેવીલાલ વેલજીભાઈ રાવલ (રહે.વડવાલાનગર, સાગર ટાવર પાસે, જીવરાજબ્રીજ નીચે, વેજલપુર) એ તા.૧૨/૧૦/૧૫ નારોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૧૦/૧૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે કેનયુગ ચાર રસ્તા, પ્રતિષ્ઠા એપાર્ટમેન્ટ નજીકથી પોતાની પુત્રી રીન્કુ ઉર્ફે રીના (ઉ.વ.૧૭) ને કોઇ અજાણી વ્યક્તિ મોટર સાયકલ પાછળ બેસાડી ભગાડી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ યુ મસી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૭૧/૧૫**

**સરદારનગરઃ** મનીન્દરસીંગ અવરાતસિંગ ખાલસા (રહે.જવાહર કોલોની, આંબાવાડી, સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૦/૧૫ કલાક ૧/30 થી કલાક ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ૩૯,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ઝેડ એમ સીંધી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સોલા હાઈકોર્ટઃ** સુભાષચંદ્ર દલજીભાઈ પટેલ (રહે.સિધ્ધેશ્વરપાર્ક આનંદનગર ચાર રસ્તા પાસે સેટેલાઈટ) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૧૦/૧૫ સવારનાં ૧૦/૦૦ થી તા.૧૨/૧૦/૧૫ સવારનાં ૯/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન સોલા સાયન્સ સીટી રોડ, ગોલ્ડન રેસીડન્સી ખાતે આવેલ પોતાના ભાઈ જયંતીભાઈના મકાનના પાછળનો દરવાજો ખોલી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૫૪,૦૦૦/-, સોનાની બંગડીઓ નંગ-૪ કિમત રૂપિયા ૧,૨૬,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી કે અસોડા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૭૨/૧૫**

**સોલા હાઈકોર્ટઃ** દીપક બાબુલાલ સોલંકી (રહે.અખબારનગર નવા વાડજ) એ તા.૧૨/૧૦/૧૫ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૧૦/૧૫ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે ગોતાબ્રીજના છેડે આવેલ ખોડીયાર રેસ્ટોરન્ટ નજીક પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી લેપટોપ નંગ-૨, ટેબલેટ, મોબાઈલ ફોન, કેમેરો મળી કુલ કિમત રૂપિયા ૪૨,૬૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ કે શ્રીમાળી ચલાવે છે

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૭૩/૧૫</u>**

**ચાંદખેડાઃ** અશોકભાઇ ભેમાભાઈ પરમાર (રહે.મારવાડીની ચાલી રામાપીરનો ટેકરો જુના વાડજ) એ તા.૧૨/૧૦/૧૫ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૦/૧૫ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે અશોકભાઈના ભાઈ, તેમના મોટર સાયકલ ઉપર તેમના મિત્ર જીગ્નેશભાઈ ચંદુભાઇ ઝાપડીયા (ઉ.વ.૨૨) ને પાછળ બેસાડી અશોકવિહાર ફ્લેટ સામે વિસત ગાંધીનગર હાઈ-વે ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા ફોરવ્હીલના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવતાં, અશોકભાઈના ભાઈના મોટર સાયકલને ટક્કર મારતાં, મોટર સાયકલ પાછળ બેઠેલ જીગ્નેશભાઈને ગંભીર ઈજાઓ થતાં, જીગ્નેશભાઇનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.બાંગા ચલાવે છે.

**<u>અપમૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૭૪/૧૫</u>**

**જીઆઈડીસી વટવાઃ** રીંગરોડ શાલીન હાઇટસ-૦૫ ની બિલ્ડીંગમાં આરોપી (૧) સુપરવાઈઝર યોગેશકુમાર અંબાલાલ પટેલ (રહે.શાલીન હાઈટસ રીંગ રોડ જીઆઈડીસી વટવા) અને (૨) એન્જીનીયર હિતેશકુમાર દિનેશકુભાઈ મારૂ (રહે.પુષ્કર-૨ ખારાવાળા કમ્પાઉન્ડ ઈસનપુર) નાઓએ કારીગરોની સલામતી રૂપે વ્યવસ્થા નહી કરી, તેઓની બેદરકારીના લીધે તા.૨/૬/૧૫ કલાક ૧૦/૧૫ વાગ્યાના સુમારે બિલ્ડીંગમાં કડીયા કામ કરતાં સુભાષ નરસિંહભાઈ ગણાવા કડીયા કામ કરતા હતાં દરમ્યાન અકસ્માતે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે ગુનો નોધી, આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.જી.ચૌધરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૭૫/૧૫</u>**

**શહેરકોટડાઃ** દીનેશભાઈ વેચાતભાઈ પરમાર (ઉ.વ.૪૦) (રહે.મેમ્કો આંબેડકરનગર લા.નં.૧) એ કોઈ કારણસર તા.૧૧/૧૦/૧૫ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે કોઈ કારણસર મચ્છર મારવાની દવા પી લીધી હતી. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દીલીપકુમાર વસંતલાલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)